ગાંધીનગર સમાચાર



સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા થયું 'અભિનવ ભાષ્યકાર' તરીકે બી.એ.પી.એસ.ના ભદ્રેશ સ્વામીનું બહુમાન

ગાંધીનગર ખાતે સ્વામિનારાયણ અક્ષરધામ પરિસરમાં ભારતના પ્રકાંડ વિદ્વાનોની ઉપસ્થિતિ વચ્ચે એક વિશિષ્ટ સેમિનાર યોજાઈ ગયો. સન ૧૯૯૨માં મહાન સંત બ્રહ્મસ્વરૂપ પ્રમુખસ્વામી મહારાજે ગાંધીનગર ખાતે સ્વામિનારાયણ અક્ષરધામનું નિર્માણ કર્યું તે સાથે જ એક વિશિષ્ટ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ 'આર્ષ' (અક્ષરધામ એકેડમી ફોર રિસર્ચ ઈન સોશિયલ હાર્મની)ની પણ સ્થાપના કરી હતી. આ આર્ષ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટની રજત જયંતી પ્રસંગે યોજાયેલા ઉપરોક્ત વિશિષ્ટ સેમિનારમાં આજે ગાંધીનગર ખાતે ભારતના મૂર્ધન્ય વિદ્વાનો ઉપસ્થિત રહ્યા હતા. દિલ્હી, બનારસ, બેંગ્લોર, ચેન્નાઈ, નાગપુર વગેરે શહેરોના ભારત પ્રસિદ્ધ વિદ્વાનો ઉપરાંત ગુજરાતના વિદ્વાનોએ પણ ભાગ લીધો હતો. આ પ્રસંગે વિશ્વના સંસ્કૃત જગતમાં વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર યુવાન સંત સ્વામી ભદ્રેશદાસજીનું સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી દ્વારા બહુમાન કરવામાં આવ્યું હતું. માત્ર ૪૦ વર્ષની ઉંમરે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વિદ્વાન સંત પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ શ્રીમદ્ આદિ શંકરાચાર્યજી વગેરે મહાન આચાર્યોની જેમ ૧૦ ઉપનિષદો, બ્રહ્મસૂત્રો તથા શ્રીમદ્ ભગવદ્ ગીતા પર ભાષ્યો એટલે કે કોમેન્ટ્રી રચીને એક મહાન સિદ્ધિ મેળવી છે. પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી આ ભાષ્યો રચીને પૂજ્ય ભદ્રેશદાસ સ્વામીએ પ્રાચીન ભારતની મહાન ભાષ્ય પરંપરાનું ગૌરવ વધાર્યું છે. તેમણે રચેલા આ પ્રસ્થાનત્રયી સ્વામિનારાયણ ભાષ્યોને વિશ્વભરના અનેક વિદ્વાનોએ ૨૧મી સદીના પ્રથમ ભાષ્ય તરીકે ગણાવીને એક મહાન ઉપલબ્ધિ દર્શાવી છે.

કોંગ્રેસની નિયત પાટીદારોને છેતરવાની છે : નીતિન પટેલ

અગાઉની કોંગ્રેસ સરકાર વેળા જ્યારે આંદોલન થયા ત્યારે મૃતકોના પરિવારને કોઇ સહાય ચુકવાઈ ન હતી : ચૂંટણી ટાણે લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ

અમદાવાદ, તા. ૩૦

કોંગ્રેસ અને પાસના આગેવાનોની અનામતને લઈને બેઠક યોજાયા બાદ ભાજપના વરિષ્ઠ નેતા અને નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે આ સંદર્ભમાં આકરી પ્રતિક્રિયા આપી હતી અને સાફ શબ્દોમાં કહ્યું હતું કે, ચૂંટણીના માહોલમાં કોંગ્રેસ પાર્ટી પાટીદાર સમુદાયના લોકો અને રાજ્યના લોકોને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ કરી રહી છે. પાટીદાર સમુદાયના લોકોને કોંગ્રેસ પાર્ટી દ્વારા આજે જે ખાતરી આપવામાં આવી હતી તે સંપૂર્ણપણે ગેરમાર્ગે દોરનારી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, અનામત આંદોલનમાં વરવી ભૂમિકા અદા કરી ચુકેલી કોંગ્રેસ કોઈપણ રીતે પાટીદારોને વિશ્વાસમાં લેવાની સ્થિતિમાં નથી. કોંગ્રેસ પાર્ટીના વકીલોને રોકીને અનામતની વાત કરવામાં આવી રહી છે. નીતિન પટેલે એમ પણ કહ્યું હતું કે, સબ કા સાથ સબકા વિકાસના હેતુસર ભાજપ સરકાર ખુબ જ સાનુકુળ રીતે પાટીદારો પ્રત્યે આગળ વધી છે. પાસ અને કોંગ્રેસ પાર્ટી દ્વારા આજે જે બેઠક યોજવામાં આવી હતી તેમાં કોઈ નક્કર ચર્ચા થઈ ન હતી. બેઠકમાં ઓબીસીને લઈને કોઈ ચર્ચા થઈ ન હતી. બીજી બાજુ ભારતીય જનતા પાર્ટીએ બંધારણની જોગવાઈ મુજબ આગળ વધીને સવર્ણ આયોગની રચના કરી છે. ગુજરાતની પ્રજાને ગેરમાર્ગે દોરવાના પ્રયાસ પાસના આગેવાનો પણ કરી રહ્યા છે.

નીતિન પટેલે પત્રકાર પરિષદ દરમિયાન કોંગ્રેસ પાર્ટીએ પાસના

આગેવાનોને અને હાર્દિક પટેલને ચુસાઈ ગયેલી લોલીપોપ પકડાઈ દીધી છે. પાસના આગેવાનો અને કોંગ્રેસનું ષડયંત્ર પાટીદારોને બિલકુલ સ્વીકાર્ય નથી. અમે જયારે આર્થિકરીતે અનામતની વાત પણ કરી ચુક્યા છે. અગાઉ પાટીદાર નેતા હાર્દિક પટેલ અમે જ્યારે જાહેરાત કરી ત્યારે તેને લોલીપોપ તરીકે ગણાવી રહ્યા હતા પરંતુ હવે કોંગ્રેસે તો આડેધડ લોલીપોપ હાર્દિક પટેલને આપી દીધી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની લોકપ્રિયતા હેઠળ કરેલા કામ અને રાજ્યમાં સરકારની કામગીરી સબકા સાથ સબકા વિકાસને લઈને થઈ રહી છે. પાટીદાર સમુદાયને આંદોલનવેળા થયેલા અન્યાયના મુદ્દે પણ કાર્યવાહી કરવામાં આવી છે. પાટીદારો સામે થયેલા કેસો પાછા ખેંચવાની પ્રક્રિયા શરૂ થઈ ચુકી છે. ૪૬૯ કેસો હજુ સુધી પાછા ખેંચવામાં આવી ચુક્યા છે. આ ઉપરાંત પાટીદારને નુકસાન મામલામાં નોકરી આપવાને લઈને પણ ચર્ચા થઈ ચુકી છે. ૨૦ લાખ રૂપિયાની ચુકવણી પણ કરવામાં આવી ચુકી છે. કરવામાં આવી ચુકેલા કામોની અમે વાત કરી રહ્યા છે. કોંગ્રેસને ખબર છે કે, તેમની સરકાર આવવાની નથી જેથી તેઓ આડેધડ વચન આપીને ખોટા વચનો પાસને આપવામાં આવ્યા છે પરંતુ પાસના આગેવાનોની વાત પાટીદાર સમુદાયના લોકો ક્યારે પણ સ્વીકારશે નહીં. નીતિન પટેલે દાવા સાથે કહ્યું હતું કે, હાર્દિક પટેલે જ્યારે રાહુલ ગાંધીને અલ્ટીમેટમ આપ્યું ત્યારે કોંગ્રેસ પાર્ટી ગભરાઈ ગઈ છે અને પાસના આગેવાનો સાથે બેઠક યોજી છે. આ ષડયંત્ર ખુલ્લુ પડી ગયું છે. છેલ્લા બે વર્ષ દરમિયાન કોંગ્રેસને પાટીદારોને મદદનીવાત કેમ યાદ આવી ન હતી.

રાહુલની સુરત યાત્રા પહેલા અમિત શાહ સુરત પહોંચશે

ગુજરાત વિધાનસભાની ચૂંટણી માટેનું રણશિંગુ ફુંકાઈ ગયું છે ત્યારે ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતપોતાની વ્યૂહરચના વધુને વધુ નક્કર કરવામાં આવી રહી છે. આના ભાગરુપે કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધીની સુરતની યાત્રા પહેલા જ અમિત શાહ સુરત પહોંચનાર છે. રાહુલ ગાંધીના આયોજનને નિષ્ફળ બનાવી દેવા અને તેમના આક્રમક કાર્યક્રમને બિનઅસરકારક બનાવવાના હેતુસર આ આયોજન કરવામાં આવ્યું છે. ત્રીજી નવેમ્બરના દિવસે વરાછા ખાતે કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધીની સભાનું આયોજન કરવામાં આવ્યું છે.

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં બાળકોના મોત સામેના વિરોધમાં ડીએસઓ દ્વારા આશ્રમ રોડ પર દેખાવો કરાયા હતા.

પોલીસના પ્રશ્નોને લઈ ૨જીએ જીએમડીસી ગ્રાઉન્ડ પર બેઠક

ગુજરાત પોલીસના જવાનોને મીટીંગમાં સ્વયંભુ જોડાવવા અપીલ : પોલીસના હક્કની સુરક્ષા માટે લડતના એંધાણ

અમદાવાદ,તા.૩૦

ગુજરાત રાજયમાં પોલીસ કર્મચારીઓથી લઈ અધિકારીઓ અને જવાનોના થઈ રહેલા આર્થિક, સામાજિક અને રાજકીય શોષણને લઈ વિધાનસભા ચૂંટણી ટાણે મામલો ગરમાયો છે.

ગુજરાત પોલીસ પરિષદ પોલીસના શોષણ સામે મેદાનમાં આવી છે. તા.૨જી નવેમ્બરે શહેરના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે પોલીસના પ્રશ્નોને લઈ એક મીટીંગનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત પોલીસના તમામ જવાનોને સ્વયંભુ જોડાવા ગુજરાત પોલીસ પરિષદના પ્રમુખ મુકેશ પરીખે આહ્વાહન કર્યું છે. ગુજરાત પોલીસના તમામ જવાનોને સરકાર અને સમાજનું ધ્યાન દોરવા માટે શાંતિમય અને શિસ્તબધ્ધ રીતે બ્લેક રીબીન પહેરી પ્રયોગ કરશે. પોતાના પ્રાણની પરવા કર્યા વિના, પરિવારની ચિંતા બાજુએ મૂકી કર્તવ્ય નિષ્ઠા અને ફરજપાલનને સર્વોચ્ચ અગ્રીમતા આપતા પોલીસ જવાનોને સલામ કરતાં ગુજરાત પોલીસ પરિષદના પ્રમુખ મુકેશ પરીખ અને મંત્રી હર્ષદ ઠક્કરે જણાવ્યું હતું કે, વર્ષોથી પોલીસ જવાનો અને કર્મચારીઓ-અધિકારીઓનું અમાનવીય રીતે શોષણ થઈ રહ્યું છે. ખુદ સરકાર જ ઈચ્છતી નથી કે, પોલીસનું કોઈ યુનિયન કે સંગઠન હોય. પોલીસ જવાનોનું એસોસીએશન કે સંગઠન એ તમામ સરકારો માટે માથાના દુઃખાવા સમાન છે. સરકાર પોલીસ યુનિયનના નામથી જ ભડકે છે. દેશના તમામ રાજયોમાં પોલીસ એસોસીએશનની વિધિવત્ કાયદેસરતાની માન્યતા આપવામાં પશ્ચિમ બંગાળ મોખરે છે. પશ્ચિમ બંગાળમાં પોલીસ એસોસીએશન વર્ષોથી કાર્યરત છે.

ગુજરાતમાં સને ૧૯૭૯થી પોલીસ આંદોલનનો પ્રારંભ થયો હતો. ગુજરાત પોલીસ પરિષદના પ્રમુખ મુકેશ પરીખના નેજા હેઠળ પોલીસ કર્મચારીઓ અને પોલીસ પરિવારના સભ્યોને સંગઠિત કરી વ્યાપક કાર્યક્રમો આપવામાં આવ્યા હતા. ઉગ્ર માંગણી બાદ ગુજરાતની તત્કાલીન જનતા પાર્ટીની સરકારના મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ પટેલ અને ગૃહમંત્રી પોપટલાલ વ્યાસે પોલીસના એસોસીએશનને કાયદેસરતા બક્ષી હતી. પરંતુ બાદમાં ૧૯૮૭માં અમરસિંહ ચૌધરીની તત્કાલીન સરકારે પોલીસ આંદોલનના ભયથી સરકારી માન્યતા પાછી ખેંચી લીધી હતી. ગુજરાત પોલીસના બેડામાંથી સૌપ્રથમ પીએસઆઈ એ.આર.સિંગ આગળ આવ્યા હતા અને તેમણે જબરદસ્ત લડત ઉપાડી હતી.

જેટની ફલાઈટના ટોયલેટથી મળેલી ચિઠ્ઠી પગલે દોડધામ

મુંબઈથી દિલ્હી જતી ફલાઇટનું રાત્રે અમદાવાદ એરપોર્ટ ઉપર ઇમરજન્સી લેન્ડીગ : આખીય વાત બોગસ પુરવાર

અમદાવાદ,તા.૩૦

મુંબઈથી દિલ્હી જતી જેટ એરવેઝની ફલાઈટના ટોયલેટમાંથી અપહરણકર્તાઓ વિસ્ફોટકો સાથે ફલાઈટમાં ઘૂસી ગયા છે અને તેને હાઈજેક કરવાના છે એ મતલબનું લખાણ લખેલી ચિઠ્ઠી મળતાં એરપોર્ટ તંત્રથી માંડી સુરક્ષા એજન્સીઓ અને પોલીસતંત્રમાં મોડી રાત્રે ભારે દોડધામ મચી ગઈ હતી. મુંબઈથી દિલ્હી જતી જેટ એરવેઝની આ ફલાઈટનું રાત્રે જ અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડીંગ કરાવવામાં આવ્યું હતું અને ડોગ સ્કવોડ, બોંબ સ્કવોડની મદદથી સુરક્ષા એજન્સીઓ દ્વારા ઝીણવટભરી તપાસ અને ચેંકીગ હાથ ધરાયુ હતું. જો કે, ચિઠ્ઠીમાં લખેલી આખીયે વાત બોગસ અને અફવા સાબિત થઈ હતી. બીજીબાજુ, પોલીસે આવી ગંદી ટીખળ કરનાર ટીખળખોરને ભારે જહેમત બાદ ઝડપી લીધો હતો. જે મુંબઈનો રહેવાસી વેપારી છે અને તેણે તેની મહિલામિત્રને સબક શીખવાડવા માટે આ ચિઠ્ઠી લખી હોવાની વાત સામે આવી હતી. પોલીસે આરોપી વેપારીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે પ્રાપ્ત માહિતી મુજબ, મુંબઈથી દિલ્હી જતી જેટ એરવેઝની ફલાઈટ નંબર-૯ડબલ્યુ૩૩૯ ના પાયલટે રાત્રે ૩-૩૮ મિનિટે સુરક્ષા એજન્સીઓને જાણ કરી કે, સંદેશો મળ્યો છે કે આ ફલાઈટમાં અપહરણકર્તાઓ વિસ્ફોટકો સાથે ઘૂસી ગયા છે અને તેથી અમદાવાદ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડીંગ કરવું પડે તેમ છે. એરપોર્ટ ઓથોરીટીએ તાત્કાલિક મંજૂરી આપી ફલાઈટને ૩-૪૮મિનિટે ફલાઈટનું એરપોર્ટ પર લેન્ડીંગ કરાવ્યું હતું. આ ફલાઈટમાં ૧૧૬ પ્રવાસીઓ હતા અને પાયલટ સહિત ૯ ક્રુ મેમ્બર હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા પ્રમાણે ફલાઈટના ટોયલેટમાંથી આવું લખાણ લખેલી ચિઠ્ઠી મળી હતી. ઘટનાને પગલે સ્થાનિક પોલીસ, ક્રાઈમબ્રાંચ, એટીએસ, બોંબ ડિસ્પોઝલ સ્કવોડ, ડોગ સ્કવોડની ટીમો તાત્કાલિક એરપોર્ટ પર પહોંચી ગઈ હતી. એરપોર્ટ સીકયુરીટી એજન્સી અને સીઆઈએસએફના જવાનો પણ તપાસ કામગીરીમાં જોડાયા હતા. બેથી અઢી કલાકના સઘન ચેકીંગ બાદ ફલાઈટમાં કોઈ જ વાંધાજનક વસ્તુ મળી ન હતી, જેથી ચિઠ્ઠીમાં લખેલી આખીયે વાત બોગસ અને અફવા સાબિત થઈ હતી. બીજીબાજુ, આ પ્રકારની ટીખળ કરી પોલીસ અને સુરક્ષા એજન્સીઓની ઉંઘ હરામ કરી નાંખનાર ટીખળખોરની પોલીસે મુંબઈથી ધરપકડ કરી લીધી હતી. ટીખળ કરનાર વેપારી મુંબઈનો રહેવાસી છે અને તેણે પોતાની મહિલામિત્રને સબક શીખવાડવાના ઈરાદાથી આવુ કૃત્ય કર્યું હોવાની કબૂલાત કરી હતી.

અમદાવાદ સિવિલમાં જ વર્ષે ૨૨૦૦ બાળકો મરતાં હોય તો રાજ્યની સ્થિતિ ધ્રુજારી પૂર્ણ : કોંગ્રેસ

તબીબી શિક્ષણથી લઈ આરોગ્ય સેવામાં ખુલ્લે વેપલો કરનાર ભાજપ સરકાર યુપી?ની યોગી નીતિ અપનાવી ભોગી બની છેઃ ડો. હિમાંશુ પટેલ

અમદાવાદ, તા. ૩૦

અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં જ રોજનાં ૬ બાળકો મોતનાં મુખમાં ધકેલાતાં હોવાનો બેશરમીથી એકરાર કરનાર ભાજપ સરકારની આરોગ્ય સેવામાં પણ ખૂલ્લેઆમ વેપલો કરવાની નીતિરીતિનું આ પરિણામ હોવાનો આકોશ વ્યક્ત કરતાં કોંગ્રેસનાં પ્રદેશ પ્રવક્તા ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, તબીબી શિક્ષણથી લઈ આરોગ્ય ક્ષેત્રે તમામ સ્તરે ઉઘાડી લૂંટ ચલાવનાર ગુજરાતની ભાજપ સરકાર યુપીની યોગીનીતિ અપનાવી ભોગી બની છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસનાં પ્રવક્તાં ડૉ. હિમાંશુ પટેલે જણાવ્યું છે કે, માત્ર સત્તાની સારવાર અને સેવા માટે ઈશ્વરનાં સ્વરૂપ એવાં નવજાત શિશુઓનાં મોતને પણ ગંભીરતાથી નહીં લેનાર ભાજપ સરકારના મુખ્યમંત્રી અને આરોગ્ય મંત્રીને એક મિનિટ પણ સત્તા ઉપર રહેવાનો અધિકાર નથી. ભાજપ સરકારનાં શરમજનક એકરાર પ્રમાણે જો અમદાવાદ સિવિલમાં વર્ષ દરમિયાન ૨૨૦૦ બાળકો અકાળે મોતને ભેટતાં હોય તો સમગ્ર રાજ્યની સરકાર હોસ્પિટલોનાં આંકડાની તો કલ્પના કરવાથી પણ હૃદય હચમચી જાય તેમ છે. કોઈ આતંકી ઘટનાથી પણ વધુ ક્રુર એવી આ બાબતે રાજ્યમાં બાળ મૃત્યુ દરનાં આંકડાઓને પણ 'ફેંકુ' સાબિત કર્યાં છે. વાસ્તવમાં વાત્સલ્યથી લઈ અનેકવિધ યોજનાઓની ઓન પેપર જાહેરાત કરી ઉઘાડી લૂંટ ચલાવતી આ કસાઈ સરકારે માસૂમ બાળકોને મોતનાં મુખમાં ધકેલી માતાઓને ખિલખિલાટ કરવાનાં બદલે સમગ્ર જીવનનું હાસ્ય છીનવી લીધું છે.

ભાજપ સરકારે છેલ્લા બે દશકામાં તબીબી શિક્ષણમાં રૂપિયા ૬ થી ૧૨ લાખ સુધીની ફી કરવા સાથે કરોડો રૂપિયાનું ડોનેશન આપવું પડે તેવી ખુલ્લા બજારની નીતિ અપનાવી છે. મેડીકલ માફિયાઓને કોલેજોની લ્હાણી સાથે ગેરકાયદે પ્રવેશ અપાવવામાં છડેચોક મદદ કરતી ભાજપ સરકારનાં રાજમાં મોટાભાગનાં ગામડાઓમાં તબીબોજ નથી. જો અમદાવાદ સિવિલમાં જ ઈન્ટર્નન કે જુનિયર ડૉક્ટરોથી ચલાવવું પડતું હોય તો ગામડાંઓમાં આરોગ્ય સેવાની સ્થિતિ ધ્રુજાવી દે તેવી છે.

મોડાસામાં ૫ વર્ષની બાળકી પર અજાણ્યા શખ્સે દુષ્કર્મ આચરતા ચકચાર

મોડાસા, તા. ૩૦

અરવલ્લી જિલ્લાના મુખ્યમથક મોડાસા શહેરના કોલેજ રોડ પર આવેલી એક સહકારીબેંક નજીક ફૂટપાથ પર વસવાટ કરતા અને માંગણ અને નાની મોટી છૂટક મજૂરીકામ કરી જીવનનિર્વાહ ચલાવતા એક લઘુમતી પરિવારની ૫ વર્ષીય બાળકીને એક અજાણ્યા નરાધમે નવા કપડાં લઈ આપવાની લાલચ આપી ઉઠાવી જઈ મોડાસાના શાહીકોટ વિસ્તારમાં આવેલી કરમિયા સ્કૂલ નજીકના ઝાડી-ઝાંખરામાં લઈ જઈ નરાધમે દુષ્કર્મ આચરતા ચકચાર મચી ગઈ હતી.

મર્યાદા લંબાવાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને આ બાબતે રાજ્યના ટેક્સ પેયર્સના બહોળા હિતમાં હકારાત્મક પગલાં લેવા રજુઆત કરેલ. જેના પર તા. ૨૯-૧૦-૨૦૧૭ના રોજ ગ્રુપ ઓફ મીનીસ્ટર્સની યોજાયેલ બેઠક વખતે વિચારણા કરવામાં આવેલ.

રાજ્યના ટેક્સ પેયર્સ અને વિવિધ એસોસીએશનોની રજુઆત ધ્યાને લેતાં તેમજ ફાઈલ થયેલા ફોર્મ જીએસટીઆર-૧ની સંખ્યા સામે ફાઈલ થયેલા ફોર્મ જીએસટીઆર-૨ની ટકાવારી ફક્ત ૩૪.૨૨ ટકા છે તે વાસ્તવિકતાને ધ્યાને લેતાં, ફોર્મ જીએસટીઆર-૨ રજુ કરવાની, અને તેને આનુષંગિક ફોર્મ જીએસટીઆર-૩માં રીટર્ન ફાઈલ કરવાની સમયમર્યાદા તેમજ જીએસટી દાખલ કરવાના શરૂઆતના તબક્કામાં રીટર્ન ફાઈલીંગ માટે ટેક્સ પેયર્સને સગવડ પૂરી પાડવાના હેતુથી સમય મર્યાદા લંબાવવાની બાબતને મંજુરી આપવામાં આવેલ છે અને આ અંગેની એક દરખાસ્ત જીઆઈસીની મંજૂરી મેળવવા કરવામાં આવેલ છે તે મુજબ જુલાઈ-૨૦૧૭ માટેના ફોર્મ જીએસટીઆર-૨ અને ફોર્મ જીએસટીઆર-૩ રજુ કરવાની સમય મર્યાદા અનુક્રમે તા. ૩૦-૧૧-૨૦૧૭ અને ૧૧-૧૨-૨૦૧૭ સુધી લંબાવવામાં આવે છે.

હા, સાહેબ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નહીં - સરનામુ શોધીએ નહિ તોય ભગવાન જેવું જ છે..! ભગવાન ક્યાંય દેખાતો નથી ને તોય ભગવાન સર્વત્ર છે..!!''

''બહુ ગમ્યું..! ખાનગીમાંય તમે સાચી વાત સ્વીકારી..!! હવે જાહેરમાં સ્વીકારો એટલે પારદર્શક બની જશો... આજે આપણા સમાજને પારદર્શક નેતૃત્વની અનિવાર્યતા છે..! સાચા અને સારા પ્રતિનિધિને ચૂંટવાની અમુલ્ય તક ચૂંટણીના માધ્યમથી આપણને પ્રાપ્ત થાય છે...''

''... તો ચાલો..! તકને ઝડપી લઈએ..! માત્ર તક જ નથી આપણો અધિકાર પણ છે ને આપણી ફરજ પણ છે..!! અમે ફરજ અદા કરીશું... તમે પણ..!!

- નિમિત્ત માત્ર

બેઠક સકારાત્મક.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

લોકોના પરિવારજનોને રૂ.૩૫ લાખ સુધીનું વળતર અને તેમના આશ્રિતને સરકારી નોકરી અને વૈધાનિક રીતે સવર્ણ આયોગની રચના એ ચાર માંગણીઓ કોંગ્રેસે સ્વીકારી લીધી છે પરંતુ અનામત મુદ્દે હજુ મામલો સ્પષ્ટ થયો નથી. કારણ કે, તેમાં બંધારણીય અને ટેકનીકલ મુદ્દો સામેલ છે. અમે કોંગ્રેસને બે-ત્રણ દિવસમાં યુપીએ ગવર્નમેન્ટના નિષ્ણાત વકીલો કે બંધારણીયવિદોની સલાહ-માર્ગદર્શન લઈ આ મામલે વલણ સ્પષ્ટ કરવા જણાવ્યું છે. હાર્દિકે તા.૭મી નવેમ્બર સુધી કોંગ્રેસને અલ્ટીમેટમ આપ્યું છે. જો કોંગ્રેસ પાટીદાર સમાજની અનામતની માંગણી સંતોષશે તો તેને ટેકો જાહેર કરવાની પણ હાર્દિકે તૈયાર બતાવી હતી. હાર્દિક પટેલે ભાજપ પર પ્રહારો કરતાં જણાવ્યું હતું કે, ભાજપે અત્યારસુધી માત્ર વાતો જ કરી છે. અમે અનામત માંગીએ છીએ, ભીખ નહી.

અનામત મુદ્દે પાટીદારોને ગુમરાહ કરવાની ભાજપની ચાલ છે. અમે અમારો અધિકાર માંગ્યો ને ભાજપે પાટીદારોને ગોળીઓ અને લાઠીઓ આપી. ભાજપે ક્યારેય પાટીદારો સાથે તેમના હિતની કે અધિકારોની રક્ષાની વાત નથી કરી, ઉલ્ટાનું ધમકીઓ આપે છે. હવે ચૂંટણી ટાણે તો ભાજપ રીતસરની દાદાગીરી પર ઉતરી આવ્યું છે. આવા અંહકારીઓ સાથે તો હવે બેસવું જ નથી. ભાજપે લોકોનો ભાજી-મૂળાની જેમ ઉપયોગ કર્યો છે, જયારે જરૂર પડી ત્યારે લોકોને મરાવી નાંખ્યા છે પરંતુ હું ભાજપને કહેવા માંગુ છું કે, ગુજરાતની પ્રજાને મૂર્ખ ના બનાવશો કારણ કે, ગુજરાતની પ્રજા ખૂબ શાણી અને સમજુ પ્રજા છે, જે સામાજિક અને રાજનૈતિક પરિવર્તન કરી આગામી ચૂંટણીમાં તમને જવાબ આપશે.

કોંગ્રેસે સ્વીકારી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અત્યાચાર થયા તે પ્રકરણમાં કોંગ્રેસની સરકાર આવશે તો, સ્પેશ્યલ ઈન્વેસ્ટીગેશન ટીમની રચના કરાશે અને તેના દ્વારા તપાસ કરાવડાવી જે કોઈ કસૂરવાર હશે તે તમામની સામે કાયદાનુસાર કડક કાર્યવાહી કરાશે, આંદોલન દરમ્યાન રાજદ્રોહ, રાષ્ટ્રદ્રોહ સહિતના જે કોઈ કેસો હશે તે તમામ કેસો તાત્કાલિક અસરથી પાછા ખેંચાશે, પાટીદાર આંદોલન દરમ્યાન જે લોકોએ તેમના જીવ ગુમાવ્યા છે, તેમના પરિવારજનોને રૂ.૩૫ લાખ સુધીની વળતરની સહાય ચૂકવાશે ઉપરાંત, તેમના એક આશ્રિતને શૈક્ષણિક લાયકાતના આધાર પર સરકારી નોકરી આપવામાં આવશે અને વૈધાનિક રીતે સવર્ણ આયોગની રચના કરવામાં આવશે અને સમાજના આર્થિક પછાત પરિવારોના બાળકોને શિક્ષણ, સ્કીલ ડેવલપમેન્ટ અને રોજગાર માટે રૂ.૨૦૦૦ કરોડની ફાળવણી કરવામાં આવશે..આ માંગણીઓનો સમાવેશ થાય છે. કોંગ્રેસ અને પાસના નેતાઓએ આજની બેઠકને સકારાત્મક અને હકારાત્મક ગણાવી હતી. બંને નેતાઓએ સ્પષ્ટ કર્યું હતું કે, અનામત મુદ્દે બંને પક્ષે વિસ્તૃત ચર્ચા વિચારણા કરાઈ પરંતુ આ સમગ્ર મામલો બંધારણીય અને ટેકનીકલ હોઈ તેમાં નિષ્ણાત તજજ્ઞોની સલાહ-માર્ગદર્શન લેવા જરૂરી છે, તેથી હાલ પૂરતી તેની પર કોઈ સહમતી સાધી શકાઈ નથી પરંતુ આગામી બે-ત્રણ દિવસમાં અનામતના મુદ્દે વધુ એક બેઠક યોજી ચિત્ર સ્પષ્ટ કરવામાં આવશે તેવી આશા બંને પક્ષે વ્યકત કરવામાં આવી હતી.

નવી યોજનાઓ.. ● અનુસંધાન પહેલાનું ચાલુ

ચકાસવામાં આવનાર છે. ખાસ કરીને ઓબીસી વિદ્યાર્થીઓની તકલીફોને જાણવાના પ્રયાસ કરવામાં આવનાર છે. સરકારના પ્રયાસ છતાં હજુ સુધી દેશમાં તમામ સુવિધા સાથે સજ્જ હોસ્ટેલોના નિર્માણની કામગીરી બાકી રહી છે. મંત્રાલય તરફથી હોસ્ટેલના નિર્માણ માટે કેટલાક માપદંડ નક્કી કરવામાં આવનાર છે. નવી ગાઈડલાઈન્સ મુજબ તમામ હોસ્ટેલમાં રેન વોટર હાર્વેસ્ટિંગની વ્યવસ્થા કરવામાં આવશે. આની સાથે સાથે ઉપયોગ નહીં થનાર પાણીને રિસાયકલ કરવાની પણ વ્યવસ્થા કરવામાં આવશે. દિવ્યાંગો માટે વિશેષ પ્રકારના શૌચાલયો બનાવવામાં આવશે. નક્કી કરવામાં આવેલી સમય મર્યાદામાં હોસ્ટેલોના નિર્માણને પૂર્ણ કરવા માટે સરકારે નક્કી કર્યું છે કે, કન્સ્ટ્રક્શનનું કામ શરૂ થયાના એક વર્ષની અંદર જ બીજા હિસાબી રકમ પણ આપી દેવામાં આવશે. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં વિધાનસભાની ચૂંટણી પહેલા આ માર્ગદર્શિકા સપાટી ઉપર આવી છે. બંને રાજ્યોમાં ઓબીસી મતદારોની સંખ્યા ખુબ મોટી છે. ગુજરાતમાં ઓબીસી ૪૦ ટકા અને ૧૮૦ પૈકી ૭૦ બેઠકો ઉપર ચાવીરુપ ભૂમિકા અદા કરે છે. હિમાચલ પ્રદેશમાં પણ ઓબીસી વસતી ૧૫.૩ ટકા છે અને મતદારોની દ્રષ્ટિએ ખુબ મહત્વપૂર્ણ છે.

ઘુસણખોરી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતું કે, હથિયાર સાથે સજ્જ ત્રાસવાદીઓ પાકિસ્તાની આર્મીના સમર્થનમાં આગળ આવી રહ્યા છે જેના જવાબમાં ભારતીય સૈનિકો દ્વારા ગોળીબાર કરવામાં આવ્યો હતો. ત્રાસવાદીઓને પાકિસ્તાની સેના સમર્થન આપી રહી છે. ભારતના ડીજીએમઓએ સાફ શબ્દોમાં કહ્યું હતું કે, આ ત્રાસવાદીઓ ઘુસણખોરી કરીને ભારતમાં પ્રવેશ કરવા ઈચ્છુક હતા. ભારતીય સેનાને ટાર્ગેટ બનાવવા ઈચ્છુક હતા. તેમની પાસે ઘાતક હથિયારો હતા. પાકિસ્તાની સેના ત્રાસવાદીઓને સમર્થન આપી રહી છે જે કોઈ કિંમતે ચલાવી લેવાશે નહીં. જો ત્રાસવાદીઓ અંકુશરેખા પાર કરતી વેળા પાકિસ્તાની સેના તરફથી સમર્થન મેળવતા રહેશે તો તેમને નુકસાન ઉઠાવવું પડશે. ભારતીય સેના ભવિષ્યમાં પણ કઠોર પગલા લેતી રહેશે. ભારતીય ડીજીએમઓએ એમ પણ કહ્યું હતું કે, ભારતીય સેના હમેશા પ્રોફેશનલ માપદંડને લઈને આગળ વધશે. ક્યારે પણ નાગરિકોને ટાર્ગેટ બનાવશે નહીં. ભટ્ટે એમ પણ કહ્યું હતું કે, ભારતીય સેના ક્યારે પણ ગોળીબાર કરી રહી નથી. માત્ર જવાબ આપી રહી છે. બીજી બાજુ પાકિસ્તાન સરકારે હાલમાં જ ૬૮ ભારતીય માછીમારોને છોડી મુક્યા હતા. પાટનગર સ્થિત પાકિસ્તાની દૂતાવાસના સુત્રોએ કહ્યું હતું કે, તેમને વાઘા સરહદના રસ્તે પ્રદેશ મોકલી દેવામાં આવ્યા છે. આ માછીમારો ખોટી રીતે પાકિસ્તાનની સરહદમાં ઘુસી ગયા હતા. પાકિસ્તાન સરકારે સદ્ભાવના હેઠળ આ પગલા લીધા છે.